# ભાઈ લ્યો, હવે નવું ગતકડું !!!

તન દુરસ્તી
મહેન્દ્ર ગજ્જર



આ વળી IL-6 શું છે? રોજ રોજ નવું નવું શું શોધ્યા કરો છો? ગાંડાભાઈએ છાપું વાંચતા વાંચતા કહ્યું કે IL-6 શું છે ? એમને ખબર ના પડી. ગાંડાભાઈનો તારણહાર એક... ડાહ્યાભાઈ. ગાંડાએ વિચાર્યું ડાહ્યાને તો કોરોનાનો ટેસ્ટ કરાવ્યો નથી પણ એણે મનથી માની લીધું છે કે મને કોરોના છે. તે ઘરની બહાર નીકળતો નથી, કોઈને મળતો નથી, વારે વારે હથ ધોયા કરે છે મોં એ N-95નું માસ્ક પહેરે છે. દરેકથી દૂર ભાગે છે. પણ મારો બેટો મનથી બહુ જ મજબૂત છે. પોતાની જાતને મને કોરોના છે એવું માન્યાને આજે સાતમો દિવસ છે. જોઈએ એને બોલાવું બહાર. હવે તો આવશે જ. આ IL-6 શું છે ? એને ખબર જ હશે. મારો વહાલો ઘરમાં બેઠા બેઠા ઈન્ટરનેટ પરથી બહુ જ વાંચે છે. મૂળ તો શિક્ષક છે ને ! ભાષણ આપવું, વાંચવું, લખવું તો શોખ તો શિક્ષકોમાં હોય જ. શિક્ષકો સમાજની ધરોહર છે. આવતી પેઢી કેવી હશે ? એ શિક્ષકો જ નક્કી કરી શકે. ચાલો હું જઉ ડાહ્યાના ઘરે. ગાંડાભાઈએ ડાહ્યાભાઈને મારી બૂમ... અરે ઓ ડાહ્યાભાઈ, કોઈએ કંઈ જવાબ ન આપ્યો. આ ડાહ્યો છે ને એને ડાહ્યાભાઈ કહીએ તો નહીં માને. એને ડાહ્યો કહીને બૂમ મારીએ તો જ સાંભળશે. ગાંડાએ પોતાના ખોખરા અવાજમાં કહ્યું, અલ્યા ઓ ડાહ્યા... બહાર આવ. ડાહ્યાભાઈ બહાર આવ્યા. અરે ગાંડાભાઈ અત્યારે સવારના પહોરમાં શું આવ્યા ? ગાંડાભાઈ મારાથી દૂર રહેજો અને માસ્ક પહેરેલો છે ને ? તમારે કંઈ પ્રશ્ન હોય તો જ તમે આવો. ગાંડાભાઈએ કહ્યું હા, એ સાચું છે કંઈક જાણવા માટે જ હું તમારી પાસે આવું છું. હું બધાને કહેતો પણ ફરું છું પણ આ કંઈક નવું જ આવ્યું. જેને પેથોલોજી લેબોરેટરી વાળા IL-6 કહે છે. એ ના ખબર પડી. ડૉકટરો તો એમ કહે છે કે IL-6 સૌથી વધારે ચોક્કસ અને ઝડપી ટેસ્ટ છે. જેનાથી કોરોના છે કે નહીં તેની ખબર પડે. દાખલ થવાની જરૂર છે કે નહીં એ પણ ખબર પડે... ખરી વાત છે? આવું હોય ? સાલા ગપ્પા મારતા લાગે છે... પહેલાં લેબોરેટરી વાળા અને સરકારે એમ કહ્યું કે PCR જે નાક અને ગળામાંથી લેવામાં આવે છે તે જ કોરોનાનો ટેસ્ટ છે. પછી એવા પેપર આવ્યા કે જેમાં છાતીનો સીટી સ્કેન ફેંફસા માટે કરવામાં આવે અને જો ફેંફસામાં કફ હોય તો લગભગ કોરોના જ હોય. ગાંડાભાઈ બંધ થાવ...! તમે શું હાક્યા જ કરો છો. તમારે જાણવું છે શું ? IL-6 શું છે ? એમને. તો પહેલા તમને આગળની શું વાત યાદ છે એ કહો...




તમે ડાહ્યાભાઈ શિક્ષક છો એટલે દરેક વખતે પરીક્ષા નહીં લેવાની. પણ એટલું કહી દઉં કે તમારો વિદ્યાર્થી છું પાસ થઈને જ રહીશ. અને સાહેબ, કોરોનાના વિષયમાં તો ટીબી, પેપર, બધી જ જગ્યાએ એટલું બધું કહેવાય છે અને લખાય છે કે એમાં કોઈ પણ પાસ થઈ જાય. પણ લેબોરેટરી માટે કહેવું અઘરું હોય છે. ચાલો બહુ થયું ગાંડાભાઈ હવે પરીક્ષા આપો.

ગાંડાભાઈ આપકા ટાઈમ શરૂ હોતા હૈ અબ. હા સાહેબ હાજર છીએ. તો બોલો ગાંડાભાઈ તમે લેબોરેટરી અને કોરોના વાઈરસ વિશે શું જાણો છો ? જો ડાહ્યાભાઈ પહેલા તો CBC કરાવાનો CBC થી ખબર પડે કે તમને કોઈ પ્રકારનો ચેપ છે કે નહીં.CBC એટલે કમ્પ્લીટ બ્લડ કાઉન્ટ જેમાં WBC (શ્વેતકણો) વધી જાય. ન્યુટ્રોફીલ નામના સેલ વધી જાય. અને લીમ્ફોસાઈટ નામના સેલ ઘટી જાય છે. કારણ કે, કોરોના વાઈરસમાં તમારી રોગપ્રતિકારક શક્તિ ઘટી જાય છે. પ્લેટલેટ એટલે કે ત્રાકકણો એ પણ ઘટી જાય છે. કારણ કે શરીરમાં લોહીનાં ગઠ્ઠા થવા માંડે છે. પછી વાત આવે કે શરીરમાં બીજા કયા પેરામીટર વધી જાય તો ડાહ્યાભાઈ લીવર પર વાઈરસના હીસાબે ઘા થવાથી લીવરની કાર્યક્ષમતા ઘટે છે. જેના પરિણામે SGPT, SGOT, Bilirubin વગેરે વધે છે. વળી કીડની પણ વાઈરસની ઘાતના હિસાબે કીડનીને લગતા ક્રીએટીનીન અને યુરીયા પણ વધે છે. હૃદય પર કોરોના વાઈરસની અસર થતા CK-MB, Trop-I, Myoglobin વગેરે વધી જાય છે. આ બધા જ પેરામીટરની તપાસ લોહીમાંથી થાય છે. અરે વાહ, ગાંડાભાઈ તમે તો રંગ રાખ્યો. અત્યાર સુધીનું તમારું બધું જ સાચું છે. તમને ૧૦૦ માંથી ૧૦૦ માર્કસ આપું છું. બે-ત્રણ વાત તમે ભુલી ગયા પણ કાંઈ નહીં. નામ પ્રમાણે ગુણ ના હોય ને... જો ગાંડાભઆઈ હવે સાંભળો એક બીજો ટેસ્ટ જેને LDH કહે છે જે કોરોના વાઈરસના હિસાબે ફેંફસામાં જે હાનિ પહોંચી હોય છે. તેના હિસાબે LDH નો રિપોર્ટ વધારે આવે છે. એવી જ રીતે CRP (સી રીએક્ટીવ પ્રોટીન) પણ ખુબ વધારે હોય છે પણ આવાં બીજો PCT (પ્રો કેલસીટોનીન) નામનો ટેસ્ટ પણ સાથે કરાવવો જોવે. જો PCT નોર્મલ હોય તો જંતુનો ચેપ નથી પણ વાઈરસના હિસાબે ફેંફસામાં સોજો આવ્યો છે એવું સાબિત થાય. હવે જો બીજો ખૂબ જ અગત્યનો ટેસ્ટ છે જેને D-Dimer (ડી-ડાઈમર) કહેવામાં આવે છે. શરીરના કોઈ પણ ભાગમાં જયારે લોહી ગંઠાવાની પ્રક્રિયા શરૂ થાય તો D-Dimer ખુબ જ વધારે આવે છે.

એટલે કે સામાન્ય રીતે D-Dimer ૫૦૦ સુધી નોર્મલ હોય એની જગ્યાએ હજારોમાં અને ઘણી વાર તો દસ હજાર (૧૦,૦૦૦) થી પણ વધારે આવે છે. એવી જ રીતે ફેરીટીન જો ફેંફસામાં વધારે સોજો હોય તો ફેરીટીન વધી જાય છે. એમ જ પ્રોથોમ્બીન ટાઈમ અને પ્રોકેલસીટોનીન પણ વધી જાય છે. લોહી ગંઠાવાની પ્રક્રિયા વધવાથી પ્રોથોમ્બીન ટાઈમ વધે છે. જેને Coagulopathy કહે છે. હવે ફેંફસામાં સોજાના હિસાબે ત્યાં જંતુઓનો ચેપ થાય છે. જેના લીધે પ્રોકેલસીટોનીન વધારે આવે છે. ભાઈ બધુ બરોબર ડાહ્યાભાઈ પણ IL-6 નું શું ? ગાંડાભાઈ મુદ્દાની વાત કરી. IL-6 એટલે ઈન્ટરલ્યુકીન-૬ એ એક પ્રકારનું પ્રોટીન છે. જેને વધવાથી અત્યારના સંજોગોમાં એમ કહી શકીએ કે કોરોનાની શક્યતા રહેલી છે. એટલે એનો અર્થ એવો પણ થાય કે કોરોનાની જરા પણ શંકા હોય તો IL-6નામનો ટેસ્ટ કરી લેવો. જે ઘણી ઓછી લેબોરેટરીમાં થાય છે.

- shraddhablood@gmail.com

શારીરિક શિક્ષણ વિભાગની રાષ્ટ્રીય સેવા યોજના એકમ દ્વારા

# સાદરા ખાતે વિશ્વ યોગ દિવસની ઉજવણી





ગાંધીનગર, તા. ૨૧

ગૂજરાત વિધાપીઠના સાદરાના રાષ્ટ્રીય સેવા યોજના એકમના વિધાર્થીઓ દ્વારા વિશ્વ યોગા દિવસની ઉજવણી જુદી જુદી પ્રકારે કરવામાં આવી છે જેમાં આ વર્ષની વિશ્વ યોગ દિવસની થીમ "યોગા એટ હોમ એન્ડ યોગ વિથ ફેમેલી" અંતર્ગત વિવિધ પ્રકારોથી અને જુદી જુદી રીતે સ્વય સેવકો દ્વારા વિશ્વ યોગ દિવસની મહિમાને લોકો સુધી પહોચાડવાની અતુલનીય કામગીરી કરવામાં આવી છે જેમાં રાષ્ટ્રીય સેવા યોજના એકમના ૯૫ સ્વય સેવકોને ૧૫ જૂથોમાં વહેચવામાં આવ્યું હતું અને તેમને સોશલ મીડિયાના વિવિધ માધ્યમો દ્વારા જેવાકે ઝૂમ એપ્પ અને ગૂગલ મીટ એપ્પનું ઉપયોગ કરી રોજ સવારે ૭:૦૦ વાગે થી ૮:૦૦ વાગે સુધી પોતાના પરિવાર અને સગા સંબંધીને નિયમિત યોગ અને પ્રાણાયામ ઔર ધ્યાનની પાંચ દિવસીય યોગ, ધ્યાન અને પ્રાણાયામની તાલીમ આપવાની જવાબદારી ડીનશ્રી પ્રભુલાલ કાસુન્દ્રા અને રાષ્ટ્રીય સેવા યોજના એકમના પ્રોગ્રામ ઓફિસર દ્વારા આપવામાં આવી હતી જેને નિષ્ઠા અને કર્મઠતા સાથે રાષ્ટ્રીય સેવા યોજના એકમના સ્વય સેવકોએ નિભાવી હતી.

વિશેષમાં આ વર્ષે દિલ્લીની ગણતંત્ર દિવસની પરેડમાં રાષ્ટ્રીય સેવા યોજનાના સમૂહમાં પહેલી લાઈનમાં પરેડ કરનાર હસ્તી વેગડે પોતાના ગામના નાના બાળકો માટે ભારત સરકારના સોશલ ડિસ્ટન્સ અને માસ્કના નિયમોના પાલન કરી ગામના લોકોને પાંચ દિવસ સુધી યોગ અને પ્રાણાયામની તાલીમ આપવાની પ્રેરણાદાયી અને બાળકોમાં સ્વાસ્થ્યને વધારવાની સરસ કામગીરી કરી હતી એવી રીતેજ જીનાલી મોતાએ પોતાના ગામની આશા કાર્યકર્તાઓ સાથે ભારત સરકારના સોશલ ડિસ્ટન્સ અને માસ્કના નિયમોના પાલન કરી ગામના લોકોને પાંચ દિવસ સુધી યોગ અને પ્રાણાયામની તાલીમ આપી ખુબજ પ્રશંસનીય કામગીરી કરી છે જયારે નીતા પરમારે પોતાના અમદવાદ સ્થિત ઘરના ધાબા ઉપર ભારત સરકારના સોશલ ડિસ્ટન્સ અને માસ્કના નિયમોના પાલન કરી આજુ બાજુના પરિવારોના બાળકોને પાંચ દિવસ સુધી યોગ અને પ્રાણાયામની તાલીમ આપી આજે સરસ રીતે વિશ્વ યોગ દિનની ઉજવણી કરી હતી અને સ્વય સેવક ગૌરવ બાલ્યાન અમદાવાદ સ્થિત તેની સોસાયટીના લોકોને ભારત સરકારના સોશલ ડિસ્ટન્સ અને માસ્કના નિયમોના પાલન કરી ખુબજ પ્રેરણાદાયી પ્રવૃત્તિ કરી હતી પૂર્વમાં પણ ગૌરવ બાલ્યાને લોક ડાઉનના સમયમાં પણ વિવિધ સમાજલક્ષી પ્રવૃત્તિઓ કરી હતી અને સોશલ મીડિયાના માધ્યમથી પોતાના પરિવાર અને સગા સંબંધીયોને લોક ડાઉનના સમયગાળામાં યોગ, ધ્યાન અને પ્રાણાયામની નિયમિત તાલીમ આપી હતી જયારે સાયલાના ધજાલા ગામના રાહુલ મકવાણાના નેતૃત્વમાં વિશાલ મકવાણા અને સંજય ઝાપડિયા સરસ યોગાના કાર્યક્રમનું આયોજન કર્યું હતું વિશેષમાં દેવાશીષ મોહંતી, કરણ રાઠોડ અને એલીસ ક્રિશ્ચિયન સરસ રીતે યોગની તાલીમ પોતાના પરિવારના લોકોને આપી હતી અને વિશ્વ યોગ દિનની ઉજવણીમાં રાષ્ટ્રીય સેવા યોજના એકમના સ્વય સેવક તરીકે પોતાનું યોગદાન આપ્યું હતું.

સંપૂર્ણ કાર્યક્રમ અને તાલીમ કાર્યક્રમનું આયોજન અને સંચાલન રાષ્ટ્રીય સેવા યોજના એકમના પ્રોગ્રામ ઓફિસર ડૉ. નીરજ સિલાવટે કર્યું હતું અને તેમાં પ્રોત્સાહન અને સહકારની વિશેષ ભૂમિકા સંસ્થાના ડીનશ્રી પ્રો. પ્રભુલાલ કાસુન્દ્રા અને રાષ્ટ્રીય સેવા યોજના એકમ ગુજરાત વિધાપીઠના સંયોજકશ્રી ડૉ. અરુણભાઈ ગાંધી સાહેબની રહી હતી.

# વિશ્વ યોગ દિવસે કલ્પતરૂ દ્વારા વૈશ્વિક સ્તરે યોગ, પ્રાણાયામ, આસન કરાવવામાં આવ્યા



ગાંધીનગર, તા. ૨૧

ભારત દેશ એ યોગનો પ્રણેતા છે. છેલ્લા છ વર્ષથી ૨૧ જૂનના રોજ વિશ્વ યોગ દિવસ ઉજવવામાં આવે છે. ગાંધીનગર સ્થિત ટ્રાન્સમિશન લાઈનની નંબર વન કંપની કલ્પતરૂ દ્વારા પણ વેબિનાર દ્વારા વૈશ્વિક સ્તરે યોગ દિવસ ઉજવવામાં આવ્યો હતો. કલ્પતરૂ લનહ્લગ સેન્ટર ખાતે જાણીતા યોગ ગુરુ જે. સી. પટેલ દ્વારા એક કલાક સુધી યોગ, પ્રાણાયામ અને આસન કરાવવામાં આવ્યાં હતાં. એમની સાથે નિદર્શન માટે રાજુભાઈ પટેલ અને અશોકભાઈ પટેલ જોડાયા હતા તો સાથે કલ્પતરૂના સભ્યો સંજય થોરાત, કિર્તી ઠાકોર, સંજય નાયી, અજય ત્રિવેદી જોડાયા હતા. દુનિયામાં યોગને મોટી ઓળખાણ આપવામાં દેશની બે વ્યક્તિઓનો મહત્વનો ફાળો છે, એક છે યોગ ગુરુ બીએસ આયંગર અને યોગ ગુરુ બાબા રામદેવ. આયંગર યોગના સેલિબ્રિટી છે તો રામદેવની કપાલભાતી અને અનુમોલ-વિમોલ ઘર ઘરમાં પહોંચી ગયા છે. કલ્પતરૂ ખાતે ઓનલાઈન યોજાયેલા આ કાર્યક્રમમાં ભારતના વિવિધ શહેર અને વિદેશમાં રહેતા કલ્પતરૂ પરિવારના સભ્યો જોડાયા હતા અને 'યોગ એટ હોમ વિથ ફેમિલી' સુત્ર સાકાર કર્યું હતું.વેબિનાર દ્વારા યોજાયેલા યોગ સેશનમાં કલ્પતરૂ એચઆર પ્રેસિડેન્ટ એમ. એ. બારૈયા, પ્રવિણ કુમાર, સંજય કવઠાળકર જોડાયા હતા. આ સમગ્ર કાર્યક્રમનું આયોજન મયંક પંડયા દ્વારા કરવામાં આવ્યું હતું.



એસ કે પટેલ સ્કૂલનાં બાળકોએ પણ ઘરે બેઠા યોગ કર્યો તે પ્રસંગની તસ્વીર...

# ગાંધી ખાદી ગ્રામઉદ્યોગ સાદરામાં માથુ ધોવાના અરીઠા સાબુ બનાવાયા



ચિલોડા, તા. ૨૧

ગૂજરાત વિદ્યાપીઠ શતાબ્દી વર્ષ ઉજવણી નિમિત્તે મહાદેવ દેસાઈ ગ્રામસેવ સંકુલ સાદરાના સંયોજક પ્રા. રમેશભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ માથુ ધોવા અરીઠા સાબુ બનાવાઈ રહ્યા છે. ગાંધી ખાદી ગ્રામોદ્યોગના કાર્યકર્તા હિંમત વાણીયા અને વસંત વાણીયાની જહેમતથી આ સાબુ બનાવાઈ રહ્યા છે. વિસ્તરણ નિયામક ડૉ. રાજેન્દ્રભાઈ ખીમાણીનું માર્ગદર્શન અને કુલનાયક ડૉ. અનામિકભાઈ શાહનું પ્રોત્સાહન મળી રહ્યું છે. કુલનાયકના જણાવ્યા પ્રમાણે અરીઠાનું ફીણ જોઈને કોરોના વાઈરસ ભાગે છે. માટે કોરોના વાઈરસ સંક્રમણ અટકાવવા માટે માથુ ધોવા અરીઠા સાબુનો ઉપયોગ થાય તે જરૂરી છે.

# ઈસ્ટાગ્રામ લાઈવ 'ઉડાન' કાર્યક્રમમાં રાજ્યભરમાંથી યુવાનો જોડાયા

**જય વસાવડા અને ગાંધીનગરના યુવા કેળવણીકાર કેવલ ત્રિવેદીનો માહિતીસભર સંવાદ યોજાયો**





ગાંધીનગર, તા. ૨૧

ચેમ્પસ એકેડેમી ગાંધીનગર દ્વારા આજે યોજાયેલા ફેસબુક અને ઈસ્ટાગ્રામ લાઈવ કાર્યક્રમ 'ઉડાન'માં ગાંધીનગર સહિત ગુજરાતના સેંકડો યુવાનો ઉત્સાહભેર જોડાયા હતા. ગુજરાતના જાણીતા લેખક, વક્તા અને સાહિત્યકાર જય વસાવડા સાથે ગાંધીનગરની ચેમ્પસ એકેડેમીના ડાયરેક્ટર અને જાણીતા કેળવણીકાર કેવલ ત્રિવેદીનો ઈન્સ્ટાગ્રામ અને ફેસબુક પર લાઈવ સંવાદ આજે યોજાયો હતો. ગાંધીનગર અને ગુજરાતના યુવાન મિત્રો, ખાસ કરીને સાયન્સ સ્ટ્રીમના વિદ્યાર્થીઓને આ અર્થસભર સંવાદ દ્વારા અત્યંત ઉપયોગી જાણકારી પ્રાપ્ત થઈ હતી. વિજ્ઞાન વિદ્યાશાખામાં ઉજ્જવળ ભવિષ્ય માટેની માનસિકતા અને સજ્જતાના સંદર્ભમાં જય વસાવડાએ કહ્યું હતું કે, વિજ્ઞાન એ માણસના જીવન સાથે સતત જોડાયેલું મહત્વનું અંગ રહ્યું છે. જીવનમાં ક્યારેય મેથ્સ અને સાયન્સથી દૂર રહી શકાય નહીં.

એક તબક્કે કેવલ ત્રિવેદી અને જય વસાવડા એવા વિષય ઉપર ચર્ચામાં ઊંડા ઉતરી ગયા હતા કે, આજના સમયમાં કોરોનાની મહામારીના કારણે ઓનલાઈન એજ્યુકેશન એક અનિવાર્ય અંગ બની ગયું છે ત્યારે એક જમાનામાં લોકો માનતા હતા કે, મોબાઈલ ક્લાસરૂમમાં કે અભ્યાસ વખતે જોડે રાખવો જ ન જોઈએ. પરંતુ કોરોનાને કારણે વિદ્યાર્થીઓ વાલીઓ અને શિક્ષકો એક પ્લેટફોર્મ ઉપર સહમત થઈ ચૂક્યા છે કે હવે એન્ડ્રોઈડ અને લેપટોપ ઓનલાઈન એજ્યુકેશન સૌથી મહત્વની દિશા બનીને ઉભરી આવ્યું છે. તેમના આ માહિતીપ્રદ સંવાદ દરમિયાન એક તબક્કે જય વસાવડાએ પ્રશ્ન પૂછતા કહ્યું હતું કે, સાયન્સ સ્ટ્રીમના વિદ્યાર્થીને NEET અને JEEની પરીક્ષા માટે કેવા પ્રકારની સજ્જતા કેળવવી જોઈએ? કેવલ ત્રિવેદીએ એનો જવાબ આપતા જણાવ્યું હતું કે, તબીબી જગતમાં કેરિયર બનાવવા માટે NEETની પરીક્ષા અત્યંત મહત્વની છે જેમાં ફિઝીક્સ, કેમેસ્ટ્રિ અને બાયોલોજી ઉપર વધારે ધ્યાન કેન્દ્રિત કરવાનું હોય છે. જ્યારે ઈજનેરી કૌશલ્ય કેળવવું હોય ત્યારે જે JEEની પરીક્ષા મહત્વની બની જાય છે. તેમાં મેથ્સ, ફિઝીક્સ અને કેમેસ્ટ્રિ જરૂરી બને છે.પ્રસ્તુત ઉડાન કાર્યક્રમ https://youtu.be/M4SLx7qGaCA ઉપરથી માણી શકાશે.

**ડાયરેક્ટ સે**

પરસેવાની શાહીથી જે લોકો ઈરાદાઓ લખે છે ને સાહેબ... તેમનાં નસીબના પાનાં ક્યારેય કોરા હોતા જ નથી....

## જન્મદિને વધામણી



આલોક પ્રફુલકુમાર પરમાર
મો. ૭૫૭૫૦ ૭૬૪૧૯



મ્રિગેન્દ્રસિંહ ભાટી
મો. ૭૦૪૬૭ ૦૧૫૦૯



મેઘ કલ્પેશ ગૌસ્વામી
મો. ૮૧૪૧૮ ૦૦૧૭૭

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.

- સંપાદક

# સમસ્ત બ્રહ્મસમાજ મહિલા પાંખ દ્વારા ઓનલાઈન મિટીંગ અને સ્પર્ધા યોજાઈ




ગાંધીનગર, તા. ૨૧

કોરોના વાઈરસ સંક્રમણથી કેટલાંક નાગરિકો ભયભીત પણ છે તો કેટલાક નાગરિકોને તેની ગંભીરતા સમજાતી નથી તેથી લોકડાઉન તોડી ઘરની બહાર નીકળી પડે છે. જેના કારણે પોતાની જાતે માથે પોતાના પરિવારને પણ જોખમમાં મૂકે છે તો બીજીબાજુ એવા પણ નાગરિકો છે જે વાસ્તવિકતાને સ્વીકારી લોકડાઉનનો ચુસ્તપણે અમલ કરવા સાથે પોતાના મળેલા સમયનો ઉપયોગ કરી પોતાના શોખને ફરીથી વિકસાવી આત્મસંતોષ પ્રાપ્ત કરી રહ્યા છે.

આવા સમયે સમસ્ત બ્રહ્મસમાજ મહિલા પાંખ દ્વારા લોકડાઉન દરમિયાન બહેનો માટે સર્જનાત્મક અને રચનાત્મક પ્રવૃત્તિઓથી સમય પરિપૂર્ણ રહે તેવા પ્રયત્નના ભાગરુપે ઓનલાઈન બહેનોની મિટીંગનું આયોજન કરેલ અને મહિલા પાંખની દરેક બહેનોએ જુદી જુદી સ્પર્ધામાં ભાગ લઈ આનંદ અનુભવ્યો હતો.

આ સમગ્ર કાર્યક્રમનું આયોજન મહિલા પાંખના કાર્યકારી પ્રમુખ ચંદ્રિકાબેન રાવલ અને મહામંત્રી વિમળાબેન અયાચી દ્વારા કરવામાં આવ્યું હતું.